પ્રાથમિક શાળાઓ(ધોરણ-૧ થી ૫)માં
વિદ્યાસહાયકની ભરતીબાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૪/૬૬૪૭૬૨/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨૩/૦૯/૨૦૧૪

<u>સંદર્ભઃ-</u>

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તા.૨૭/૪/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તા.૩/૫/૨૦૧૨
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તા.૧૮/૫/૨૦૧૨
(૪) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તા.૨૧/૧/૨૦૧૪
(૫) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃઆરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૩) આર તા.૩/૨/૨૦૧૪
(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના તા.૧૭/૦૯/૨૦૧૪ ના રોજ સિંગલ ફાઇલ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૪/સી.ફા./૧૭/૨૦૧૪/ક ઉપર કરાયેલ દરખાસ્ત

ઠરાવઃ-

રાજયના કેટલાક તાલુકાઓની પ્રાથમિક શાળાઓ (ધોરણ-૧ થી ૫ )માં શિક્ષકોની વધારે ખાલી જગ્યાઓ હોવાના કારણે તે વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શિક્ષણને વિપરિત અસર થાય છે. આવી વિપરીત અસર નિવારવા માટે તેમજ વિસતારના બાળકોની શૈક્ષણિક સુવિધા જળવાઇ રહે અને પી.ટી.સી./ડી.ઇએલ.ઇડી(PTC/D.El.Ed)ની લાયકાત ધરાવતા અને પ્રાથમિક વિભાગ માટેની શિક્ષણ યોગ્યતા કસોટી (TET) પાસ કરેલ બેરોજગાર ઉમેદવારોને નોકરી મળે તે હેતુથી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ધ્વારા તા.૩૧/૮/૨૦૧૪ ના શિક્ષકોના મંજુર મહેકમના આધારે જે તાલુકાઓની પ્રાથમિક શાળાઓ (ધોરણ-૧ થી ૫) માં વિદ્યાસહાયકની ૧૩૦૦ ખાલી જગ્યાઓ પૈકી ૩૮૦ જગ્યાઓ વિવિધ માધ્યમની શાળાઓ માટે ભરવાની થાય છે. અને ૯૨૦ જગ્યાઓ જિલ્લા પંચાયત/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ભરવાની થાય છે. શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ (સંદર્ભ-૧ માં દર્શાવેલા)તથા વખતો-વખતના ઠરાવ અન્વયે પ્રાથમિક વિભાગ (ધોરણ-૧ થી ૫) માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની સીધી ભરતી કરવાની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે જુદા જુદા તાલુકાઓમાં પીટીસી/ડી.ઇએલ.ઇડી.( PTC/D.El.Ed ) ની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ખાસ કિસ્સા તરીકે ચાલુ શેક્ષણિક વર્ષઃ૨૦૧૪-૧૫ માટે જુદા જુદા તાલુકાઓ માટે વિદ્યાસહાયકની ૧૩૦૦ જગ્યાઓ ઉકત વંચાણે

લીધેલ ક્રમ(૫) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી મળેલ મંજૂરી અન્વયે નીચેની શરતોને આધિન ભરવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

(૧) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા જુદા જુદા જિલ્લાના નિયત કરેલ તાલુકાની ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવા સંબંધિત જિલ્લા શિક્ષણ સમિતિ પાસેથી માંગણી પત્રકો મંગાવી જાહેરાત આપવાની રહેશે.

(૨) આ જગ્યાઓ ઉપર નિમણુંક મેળવવા ઇચ્છતા ઉમેદવારે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જે તાલુકામાં નિમણુંક આપવામાં આવે તે તાલુકામાં જ દસ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે. વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાત નિમણુંકના હુકમમાં આ શરતો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) શિક્ષણ વિભાગના તા.૫/૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક મુજબ નિયત કરેલ જોગવાઇઓનો લાભ લેવા માટે જિલ્લાના અન્ય તાલુકામાં કે જિલ્લા ફેર બદલી માટે નિમણુંકની તારીખથી ૧૦ વર્ષ સુધી જે તે વિદ્યાસહાયક/શિક્ષક બદલી માટે માંગણી કરી શકશે નહીં તે મુજબનો ઉલ્લેખ સીધી ભરતીની જાહેરાત તથા સફળ ઉમેદવારોના નિમણૂંક આદેશમાં કરવાનો રહેશે.

(૪) વધુમાં શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના સંદર્ભ(૧)માં દર્શાવેલા ઠરાવથી તેમજ તે અંગેના વખતો વખતના સુધારાથી જે કઇ શરતો/નિયમો નકકી થાય તે આ ઉમેદવારોને લાગુ પડશે.

(૫) વધુમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા આ જગ્યાઓ પર પસંદ થયેલા ઉમેદવારોને જે તે જિલ્લામાં નિમણૂંક આપતી વખતે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને નીચે દર્શાવેલ ક્રમ મુજબની અગ્રતા આપવા માટે સૂચનાઓ આપવાની રહેશે.

(૧) શિક્ષક વિનાની કોઇ જ શાળા ન રહે તે જોવું

(૨) એક શિક્ષકવાળી શાળામાં બીજા શિક્ષકની નિમણુંક આપવી.

(૩) જે શાળામાં મંજુર મહેકમના ૧૦ ટકા કરતાં વધુ જગાઓ ખાલી હોય તેવી શાળાઓમાં પ્રથમ નિમણુંક આપવી.

૨. **આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(શિ)ની તા.૧૯/૦૯/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ.એમ.મીસ્ત્રી )
સંયુકત સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ

(ઉપરના તમામને: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા)

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા(